647510 **BA0GujCC622B** **Seat No :________**

**B.A. Semester - 6 (*CBCS*) Examination**

**April/May-2022 (OLD COURSE)**

**GUJARATI: P22 GUJARATI VYAKRAN, SARJAN LEKHAN KAUSHAL – 6 (CORE - 22)**

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન.૧ નીચેના કાવ્યનો આસ્વાદ કરો. (૧૪)

બારણે બારણે બુદ્ધ

ધોમ ધખે ને ધરણી હાંફે, માડીનાં સુકાય દૂધ,
અંતરના ઉકળાટ વધે, ને ગરજી ઊઠે જુદ્ધ,
ઓ રે ! ગરજે કાળાં જુદ્ધ,
અમીકૂપી લઈ ઘૂમી વળો ત્યારે હ્રદયવીર ! પ્રબુદ્ધ.

અંધારઘેરી અરધી રાતે બુઝાય દીવા વીર !
દશ દિશાથી ફૂંકાય ઘેરા મોતના શીત સમીર,
ઓ રે ! કાળના શીત સમીર,
ઉરે ઉરે ત્યારે દીપ પેટાવો ચેતનાના સ્નેહવીર !

માનવતા ઉર ત્રાસી રહી રણ-આંગણ-શોણિત-ક્ષુબ્ધ,
વીર, ઊઠી આજ લડી લો ત્યારે જુદ્ધની સામે જુદ્ધ,
ઓ રે ! જુદ્ધની સામે જુદ્ધ,
ઘરે ઘરે વીર ગાંધી જગાવો, બારણે બારણે બુદ્ધ !

- ઉમાશંકર જોશી

અથવા

રસ્તા વસંતના

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના,
ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતનાં.

મલયાનિલોની પીંછી ને રંગો ફૂલોનાં લૈ,
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના.

આ એક તારા અંગે ને બીજો ચમન મહીં,
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના.

મ્હેકી રહી છે મંજરી એકેક આંસુમાં,
મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના.

ઊડી રહ્યાં છે યાદનાં અબીલ ને ગુલાલ,
હૈયે થયા છે આજ તો છાંટા વસંતના.

ફાંટુ ભરીને સોનું સૂરજનું ભરો હવે,
પાછા ફરી ન આવશે તડકા વસંતના. - મનોજ ખંડેરિયા

પ્રશ્ન.૨ મધ્યકાલીન સાહિત્ય સંશોધન-સંપાદનના આવશ્યક ગુણોની ચર્ચા કરો. (૧૪)

અથવા

પ્રશ્ન.૨ મધ્યકાલીન સાહિત્ય સંશોધન-સંપાદનમાં પડતી મુશ્કેલી વિશે વિસ્તૃત ચર્ચા કરો.

પ્રશ્ન.૩ સંધિ એટલે શું? તે સમજાવી, સ્વરસંધિ અને વ્યંજનસંધિ વિશે સદૃષ્ટાંત સમજાવો. (૧૪)

અથવા

પ્રશ્ન.૩ જોડણી ભેદથી થતાં અર્થભેદ સમજાવી. આ સંદર્ભે સાત ઉદાહરણો આપો.

પ્રશ્ન.૪ તમારી કૉલેજમાં યોજાયેલ 'આઝાદીના અમૃત મહોત્સવ' વિશે પ્રસંગાલેખન કરો. (૧૪)

અથવા

પ્રશ્ન.૪ નીચે આપેલા મુદ્દાઓના આધારે સર્જનાત્મક ગદ્યલેખન કરો.

શિયાળનું જંગલમાં ધૂમવું – કળકળતી ભૂખ લાગવી. – ખોરાક માટેના ખૂબ પ્રયત્ન કરવા – દ્રાક્ષના મંડપ નીચેથી પસાર થવું. – દ્રાક્ષને જોઈને મુખમાં પાણી આવવું, દ્રાક્ષ ખાઈને પેટ ભરવાના મનસુબા ઘડવા – દ્રાક્ષને આંબવા માટે પ્રયત્ન કરવા – નિષ્ફળતા મળવી–આ દ્રાક્ષ ખાટી છે કોણ આવી દ્રાક્ષ ખાય?–નિષ્ફળતાનો સ્વીકાર કરવાને બદલે નિષ્ફળતાને છાવરી નીકળી જવું.

પ્રશ્ન.૫. કોઇપણ બે વિશે ટૂંકનોંધ લખો. (૧૪)

૧. કાવ્યનું રસદર્શન માટે ધ્યાનમાં રાખવાની બાબતો વિશે નોંધ લખો.
૨. અહેવાલ લેખનની મહત્ત્વની વિગતો લખો.
૩. વિસર્ગસંધિ વિશે સદૃષ્ટાંત સમજાવો.
૪. મધ્યકાલીન સાહિત્ય સંશોધન-સંપાદન વિષયક સાત ગ્રંથોના નામ આપો.

************************